‘ઘણું જીવો ગુજરાતી’ (દ્વિતીય ક્રમાંકિત નિબંધ) ગુજરાતી ભાષાનું ભવિષ્ય

ગુલાબ દેઢિયા

માતા, માતૃભૂમિ અને માતૃભાષા જોડ મળે ખરી? ભારત દેશ તો વિવિધ ભાષાઓની ભૂમિ છે. પ્રત્યેક ભાષા માતા સરસ્વતીનું વરદાન છે. ‘સર્વ ભાષા સરસ્વતી’ એ એક ઉત્તમ વિચાર છે.

છેલ્લાં છસો વર્ષમાં ગુજરાતી ભાષા ગુજરાત, ભારત અને દેશદેશાવરમાં પહોંચી ગઈ છે, જ્યાં જ્યાં ગુજરાતી વસે છે, ત્યાં ત્યાં ગુજરાતી ભાષા ધબકે છે તો પછી આજે આપણને એવી કઈ જરૂરિયાત ઊભી થઈ કે ‘ગુજરાતી ભાષાનું ભવિષ્ય’ ભાખવાની વેળા આવી પડી?

જૂન મહિનામાં શૈક્ષણિક વર્ષ શરૂ થાય છે અને વર્તમાનપત્રોમાં વાંચવા મળે છે. મુંબઈની આ વિસ્તારની જૂની અને જાણીતી ગુજરાતી શાળા બંધ થઈ છે અને ત્યાં અંગ્રેજી માધ્યમની શાળા શરૂ થઈ છે. અંગ્રેજી માધ્યમમાં બાળકોને મોકલવા માટે માબાપ આકાશપાતાળ એક કરી શકે છે. મોંઘી ફી ખરચી શકે છે. સૌ કોઈની એક જ તમન્ના છે કે એમનું બાળક અંગ્રેજી શાળામાં ભણે. અંગ્રેજીની મોહિની એવી છે કે સૌ કોઈ અંજાઈ જાય છે. સૌ કોઈ માને છે કે અંગ્રેજી માધ્યમમાં ભણનાર બાળકો જ મોટા થઈ મોટી નોકરી મેળવી શકશે. કૉલેજોના અંગ્રેજી માધ્યમ માટે ગુજરાતી માધ્યમનો ગજ ટૂંકો પડતો લાગે છે.

અંગ્રેજીનો દબદબો છે. આંતરરાષ્ટ્રીય માન્ય ભાષા છે. ઘર, સમાજ, વ્યવસાય કે અન્યત્ર વટ પાડી શકાય છે. અંગ્રેજી બોલનારો હોંશિયાર, ગુજરાતી બોલનારો ઠોઠ. આ ભ્રમણએ મૂળિયાં ઊંડાં ઘાલ્યાં છે. ગુજરાતી માધ્યમની બાદબાકી પૂરબહારમાં છે. ગુજરાતી માધ્યમની શાળાઓ હવે ક્રમશઃ ઘટતી જ રહેશે. બોલચાલમાં ગુજરાતી રહેશે. નવી પેઢી ગુજરાતી સંસ્કારો, ગુજરાતી અસ્મિતા, જમાનાઓનું ડહાપણ, વિવેક, ધર્મબુદ્ધિ, અહિંસાની ભાષા, સાહિત્યની રસજ્ઞતા, કહેવત-રૂઢિપ્રયોગોની સચોટતા, કેટકેટલું ગુમાવશે, કોઈ અંદાઝ નથી. લોકસાહિત્યનો મર્મ, નરસિંહ, ઉમાશંકર, મેઘાણીની કવિતા, બધું ખરતું જશે. ર. વ. દેસાઈ, દર્શક, સ્વામી આનંદ, ફાધર વાલેસ, કુંદનિકા કાપડિયા અને વિશેષ તો ગાંધીજીની આત્મકથા ‘સત્યના પ્રયોગો’ વિશ્વની ઉત્તમ આત્મકથાઓમાંની એક-તેનાથી છેટા થઈ જશે. વિનેશ અંતાણીની ‘પ્રિયજન’ કે ધ્રુવ ભટ્ટની ‘સમુદ્રાન્તિકે’નો પરમ આનંદ છિનવાઈ જશે.

હવે મૂળ વાત, ગુજરાતી ભાષાને બચાવવા શું કરવું જોઈએ તે જ કરીએ તો ઠીક રહેશે. પ્રથમ તો ગુજરાતી શાળાઓને પાણીદાર બનાવીએ. પહેલા ધોરણથી અંગ્રેજી થોડું થોડું સારી રીતે ત્યાં શીખવા મળે. બાળક ગુજરાતી સાથે અંગ્રેજી ભાષામાં પણ પ્રાવીણ્ય મેળવે. ગુજરાત અને મહારાષ્ટ્રના હાઈ વે પર મોટાં

પાટિયાં મૂકી જુઓઃ ‘‘અંગ્રેજીના ઉત્તમ શિક્ષણ સાથેની ગુજરાતી શાળા, સસ્તી ફી, મોહક વાતાવરણ, અંગ્રેજી શાળાઓને ટક્કર મારે એવી આપણી શાળા, માતૃભાષાની શાળા" માબાપ આવશે, દોડ્યાં આવશે. આપણે ચિંતા-ચિંતન કરીએ છીએ પણ કમ્મર કસવા યા હોમ કરીને પડવા તૈયાર નથી.

ગુજરાતી પ્રજા ધર્મગુરુઓની વાત ઝટ માને છે. બધા ધર્મના ધર્મગુરુઓ માને છે કે ગુજરાતીની ગરિમાનો કોઈ પાર નથી. સંસ્કૃતિના ઉત્તમ પાઠ શીખવતી ગુજરાતી ભાષા માટે ધર્મગુરુઓની મદદ લઈ. પ્રજાને ઢંઢોળવાની જરૂર છે. માબાપ એક જ વાત માની બેઠા છે કે અંગ્રેજી ન આવડે તે બાળક કૉલેજમાં કેમ સારું કરી શકે? વાત સાચી છે. આ ભય ખોટો નથી. તે માટે અંગ્રેજી ભાષા શીખવીએ, મફત શીખવીએ, વધારાના વર્ગો દ્વારા શીખવીએ, માતાપિતાને શીખવીએ પણ અંગ્રેજી માધ્યમની શું જરૂર છે?

દેશની આઝાદી આવતાં બહારની ગુલામી છોડી પણ ભાષાની ગુલામી નથી છોડી શકયાં. તેનો ઉપાય કરવો જોઈએ. દૃશ્ય શ્રાવ્ય માધ્યમો દ્વારા સરળ પદ્ધતિથી સારું અંગ્રેજી શીખવી બતાવીએ. ટેલિવિઝન અને સિનેમા જેવાં સમૂહ માધ્યમો ગુજરાતી ભાષાની વિના કારણ મજાક ઉડાવે છે તે બંધ થવી જોઈએ. આપણી પ્રજામાં ખરા અર્થમાં ભાષાભિમાન જાગે તેવું કરવું જોઈએ. સમૂહ માધ્યમો દ્વારા લોકો સામે એવાં ઉદાહરણો રજૂ કરીએ કે, માતૃભાષામાં ભણેલા નરનારીઓએ કેવાં શિખરો સર કર્યાં છે. જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારી છે! એક બંગાળી કે મરાઠી ભાષી પોતાની માતૃભાષાને તુચ્છ ગણતો નથી જ્યારે ગુજરાતી ભાષી! ઘરમાં ગુજરાતીમાં જ વાતચીતનો આગ્રહ વડીલો ન રાખી શકે?

‘ગુજરાતી ભાષાનું ભવિષ્ય’ જો કોઈ એક વ્યક્તિના હાથમાં હોય તો તે વ્યક્તિ છે ‘માતા’. આપણે માતૃશક્તિને ઓછી ન આંકવી જોઈએ. માતા ધારે તો શું ન કરી શકે? ગુજરાતી ભાષાને બચાવવા આમદ મકરાણીનો આ શેર પૂરતો છેઃ

મિથ્યાભિમાન, બીજાં પ્રજાજનોને, અંગ્રેજી ન જાણનારને તુચ્છ સમજવાની ભૂલ, પરદેશ, પરદેશી વસ્તુઓનો મોહ, સંસ્કૃતિ, સંસ્કાર વારસા પ્રત્યે તિરસ્કાર, આ બધાથી બચવાનો માર્ગ માતૃભાષા પાસેથી નીકળે છે. માતૃભાષા સામેના સંકટો માટે રક્ષકબળ માતા છે. કુટુંબીજનો, વડીલોથી વિખૂટા પાડી દેનાર, વિસ્મય અને સહજ આનંદથી દૂર લઈ જનાર, છેવટે છાકટાવેડામાં આનંદ માનનાર વિષમતાઓથી બચવા માતાને સમજવાની, સમજાવવાની જરૂર છે.

ગુજરાતી ભાષાના લેખન, વાચન, પાઠ્યપુસ્તકો માટે પણ જાગૃત થવાની જરૂર છે. ભાષાની સરળતા ક્યારેય, કયાંય ન છૂટે તે જોવાની જરૂર છે. જોડણીના બિનજરૂરી, વિસંગત નિયમોના ત્રાસમાંથી બાળકને

બચાવવાની જરૂર છે. પાઠ્ય પુસ્તકના પાઠકવિતાની પસંદગી ખૂબ વિચાર માગી લે છે. બાળકને કંટાળો આપનાર પાઠ ભાષાપ્રેમ કયાંથી જગાડી શકશે? ગુજરાતી શાળાઓના અભ્યાસના સ્તરનો વિચાર ક્યારે કરીશું? બાળકને પોતાનું નામ લખતાં પણ નથી આવડતું.

માતાનો પાલવ એ માત્ર સાડીનો છેડો કે એક કપડું નથી એથી વિશેષ છે, તેવી જ રીતે માતૃભાષા એ માત્ર બોલચાલ માટેનું એક માધ્યમ જ નથી. એથી વિશેષ છે. પાંચેક કરોડ ગુજરાતીઓની માતૃભાષા પર એક દિવસમાં પૂર્ણ વિરામ નહિ આવી જાય પરંતુ શહેરોમાંથી, ઉચ્ચ અને મધ્યમ વર્ગમાંથી, ભણેલી યુવા પેઢીમાંથી ભાષાનું પોતીકાપણું નહિ રહે. 'ગુજરાતીની અસ્મિતા' 'ગુજરાતીતા' ઘસાતી જશે. આપણે અનેક ક્ષેત્રોમાં સત્ત્વનો આગ્રહ ખોઈ બેઠા છીએ. આપણાં ખાનપાન, નીતિમત્તા, કૌટુંબિક સંબંધો, શિષ્ટ વાચન, કળા વગેરે કેટકેટલાં ક્ષેત્રોમાં સત્ત્વની સોડમ ખોઈ બેઠાં છીએ. વાતચીતમાં, વ્યવહારમાં ગુજરાતી ટકશે પણ એની ગરિમા ક્યાં રહેશે?

શાળા કૉલેજોમાં ફ્રેન્ચ જેવા વિષયને સ્થાન સહેલાઈથી મળી ગયું છે, કારણે ત્યાં માર્કસ જ માર્કસ છે. ભણવાનું ઓછું માર્કસ વધારે. જ્યારે કૉલેજોમાં ગુજરાતીમાં ભણવાનું કંટાળાભર્યું અને માર્કસ ઓછા. પ્રોફેસરોએ ગુજરાતીને બચાવવા ઊંચા સાહિત્યિક ખ્યાલો, પંડિતાઈ છોડી સરળતાની કક્ષાએ આવવાની જરૂર છે. અત્યારે જે સંક્રાંતિકાળ ચાલી રહ્યો છે ત્યારે ગુજરાતીને બચાવવા સરળ અને રસપ્રદ બનાવ્યા સિવાય છૂટકો નથી. આપણે સરળ, સહજ વ્યવહારુ ભાષાને વર્ગમાં ભણાવીએ. અટપટા સાહિત્યિક વાદો, ન સમજાય તેવા સાહિત્ય પદાર્થોને વિદ્વાનો પૂરતા જ ન રાખી શકીએ! દુરાગ્રહોએ ભાષાને ઓછા ઘાવ નથી કર્યા! આજના વિદ્યાર્થીને માફક આવે એવાં પાઠ્ય પુસ્તકો છે ખરાં? 'અર્ધી સદીની વાચનયાત્રા' હોંશભેર વંચાય છે કારણ કે ત્યાં રસજ્ઞતાની દૃષ્ટિ છે.

વડીલો બોલે છે, 'અમારા જમાનામાં....' આ વાક્યને છેકી કાઢો. આજના જમાનાની વાત કરો. દરેક ક્ષેત્રના નિષ્ણાતો ગુજરાતી પ્રજા પાસે છે. સૌ નિષ્ણાતો પાસેથી માર્ગદર્શન મેળવો કે આપણી ગુજરાતી ભાષાને ધબકતી રાખવા શું કરવું જોઈએ? નર્યા આશાવાદથી નહિ વાસ્તવિકતાને સમજવાથી જ બેડો પાર થશે.

જ્યાં અંગ્રેજી માધ્યમ વગર છૂટકો જ નથી દેખાતો એવી શાળાઓમાં પહેલા ધોરણથી જ એવું સારું ગુજરાતી શીખવીએ કે બાળક ગુજરાતી ભાષાના સંસ્કારોથી અળગો ન થઈ જાય. 'ગુજરાતી ભાષાનું ભવિષ્ય' આ વિષયને વિશદ રીતે ઊંડાણથી જોવા જતાં ખ્યાલ આવશે કે, આપણે યોગ્ય શિક્ષણનીતિ, શિક્ષણ પ્રણાલી માટે પણ ક્યાં સજ્જ છીએ? અંગ્રેજી ભણેલો ડૉક્ટર બને, એન્જિનિયર બને કે મોટો

અધિકારી બની મહિને લાખ રૂપિયા કમાય ત્યારે ગુજરાતી ભણેલો મહિને પાંચ-સાત હજારમાં જ અટકી જાય આ અસમાનતા દૂર કરવા શું કરીશું? ઉદ્યમશીલતા, સર્જનાત્મકતા જેવા વિષયો વિશે આપણે કેટલા ચિંતિત છીએ? ગુજરાતી માધ્યમમાં કૌશલના વિષયો, બાળકને યુવાનને પગભર કરનારા વિષયો શીખવી શકીએ ખરાં કે નહિ? હુન્નર ઉદ્યોગ ગુજરાતીમાં શીખવો વિદ્યાર્થીઓ મળી જ રહેશે.

આપણી ગુજરાતી હુન્નર શાળાઓ ઉત્તમ કક્ષાની નિર્માણ કરીએ. ગૃહઉદ્યોગની તાલીમ આપીએ. ગુજરાતી માધ્યમમાં આ શક્ય છે પણ કરશે કોણ? અંગ્રેજીની લીટી ભૂંસવાના પરિશ્રમ કરતાં આપણી લીટીને લાંબી તાણવાનો યજ્ઞ આદરીએ. જે પ્રજાએ અનેક અટપટા પ્રશ્નોમાંથી ઉકેલનો સૂરજ ઊગાડયો છે તે પ્રજા આ ન કરી શકે?

ગુજરાતી પ્રજા પાસે સામાજિક, ધાર્મિક, જ્ઞાતિમૂલક અને અન્ય ઉદ્દેશોથી સારાં કાર્યો કરતી અનેક જાહેરસંસ્થાઓ છે. હજારો જ્ઞાતિપત્રો છે. મહિલા સંસ્થાઓ છે. ગુજરાતી ભાષાને બચાવવા અને ખાસ તો આપણો અમૂલ્ય સંસ્કાર વારસો બચાવી સમૃદ્ધ કરવા શું કરવું જોઈએ, શું થઈ શકે તે ન વિચારી શકાય?

અંગ્રેજી ભાષા અને અંગ્રેજી માધ્યમ દ્વારા શું પ્રાપ્ત થાય છે તે બધું ગુજરાતી ભાષા દ્વારા આપણે આપી શકીએ છીએ? કેમ આપી શકાય? તે વિચારીએ, પૈસા લગાડીએ, ભારતની આઝાદીની લડતમાં મોખરે રહેનાર પ્રજા, દેશ દેશાવરમાં વેપાર ખેડનાર પ્રજા, વિવેક ચૂડામણિનું બિરુદ પામનાર પ્રજા, માનવીય ગૌરવઘરેણું અહિંસા છે, એ અહિંસાને આત્મસાત કરનાર પ્રજા, કરકસરને સમજનાર પ્રજા, જેને કોઈ મૂર્ખ ન બનાવી શકે એવી ચતુર પ્રજા, ઉત્તમ પડોશી પુરવાર થનાર પ્રજા આવું તો ઘણું ઘણું કહી શકાય એવી ગરવી ગુજરાતી પ્રજા ધારે તો માતૃભાષા ન બચાવી શકે? સવાલ જ નથી. ભારતનું સૌથી જૂનું વર્તમાનપત્ર 'મુંબઈ સમાચાર' જે ગુજરાતી ભાષામાં પ્રગટ થાય છે. ભારતને તિરંગો રાષ્ટ્ર ધ્વજ આપનાર મેડમ ભિખાઈ કામા જેમણે ગુજરાતી ભાષાનું ધાવણ ધાયું મહાત્મા ગાંધીજી તો વિશ્વની વંદનીય વિભૂતિ. આ બધું માતૃભાષાના ગૌરવને પુનસ્થાપિત કરવા પૂરતું નથી? 'મિશન માતૃભાષા' જગાડીએ. માતા અને માતૃભાષા કદી મરી જ ન શકે.

માતૃભાષા શું કહી રહી છે, સાંભળીશું?

જગમાં બોલાતી, હૈયે મલકાતી,
છેલછબીલી રાતી, મીઠાં ગીતો ગાતી,
હું ગુજરાતી વાણી છું.

પ્રેમે ઊભરાતી, હૈયે ઠલવાતી,
ઉષ્મા ફેલાવતી, બધે વખણાતી,
હું શબ્દોની રાણી છું.
હું ગુજરાતી વાણી છું.
હેમચંદ્રે જાણી, ગાંધીએ લીટી તાણી,
કાલેલકરે વખાણી, પ્રેમાનંદે પ્રમાણી,
હું સમજુ ને શાણી છું.
વાપરી જાણો, સૌરભ માણો,
ધર્મકર્મનો મોતી દાણો, સમાજ શાણો,
હું સંસ્કૃતિની ઉજાણી છું.
હું ગુજરાતી વાણી છું.